©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LVIII ]      WEDNESDAY, AUGUST 9, 2017/SRAVANA 18, 1939**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ : **૧૭મી ઓક્ટોબર, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૨૦૧૬/૨૫/નં:એમકેએમ/૧૧૨૦૧૬/૪૬૧૦૩૪/એ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

**Regarding**

**The Assistant Social Welfare Officer, Class III, Competitive Examination Rules, 2016.**

**મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૬ સંબંધી**

**જાહેરનામું**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, તારીખ. ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૬

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક. જીએચએમ/૨૦૧૬/૨૫/નં:એમકેએમ/૧૧૨૦૧૬/૪૬૧૦૩૪/એ:–** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩ની જગા ઉપર ભરતી માટેની પરીક્ષા પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

૧. **ટૂંકી સંજ્ઞા અને લાગુ પડવા બાબત.–**

(૧) આ નિયમો, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩ની જગા ઉપર સીધી ભરતીથી નિમણૂક પામવાને પાત્ર હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.–** આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,–

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "મંડળ" એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર અથવા આ અર્થે રાજ્ય સરકાર રચના કરે તેવું મંડળ;

(ગ) "વિભાગ" એટલે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર;

(ઘ) "નિયામકની કચેરી" એટલે વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર;

(ચ) "પરીક્ષા" એટલે આ નિયમો હેઠળ વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩ની જગા ઉપર સીધી ભરતી કરવાના હેતુથી મંડળે યોજેલ સ્પર્ધાત્મક પરીક્ષા;

(છ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(જ) " સંબંધિત ભરતી નિયમો" એટલે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૬ની જગા માટે સરકારે ઠરાવેલા ભરતી નિયમો;

૩. **શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા.–**

(૧) સદરહુ જગાના સંબંધિત ભરતી નિયમો હેઠળ ઠરાવેલ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩ની જગા ઉપર નિમણૂક માટે, જરૂરી શૈક્ષણિક લાયકાતો, અન્ય લાયકાતો અને આવશ્યકતાઓ ધરાવતો ઉમેદવાર, પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

હોવો જોઈશે નહિ.

**૪. માંગણી પત્રકો તૈયાર કરવા માટેની કાર્યરીતિ.–**

(૧) દર વર્ષે નિયામક કચેરીએ, પરિશિષ્ટ–ખમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩ની જગા ઉપર નિમણૂક માટે તેમની જરૂરિયાતો દર્શાવતું માંગણી પત્રક વિભાગને મોકલવું જોઈશે, જે, વિભાગે પરિશિષ્ટ–ખમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મંડળને મોકલવું જોઈશે.

(૨) સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી વખતોવખત આદેશ આપે તે રીતે નિયામક કચેરીએ, પરિશિષ્ટ–ગમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ફોર્મેટ (સ્વરૂપ)માં આગામી વર્ષ માટે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩ની જગા ઉપર નિમણૂક કરવા માટે જરૂરિયાતો દર્શાવતું માંગણી પત્રક (વિભાગને) મોકલવું જોઈશે, જે, વિભાગે પરિશિષ્ટ–ગમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિભાગે મંડળને મોકલવું જોઈશે.

(૩) પસંદગી પામેલ ઉમેદવારોની (જગાની સંખ્યાની) અપેક્ષિત જરૂરિયાતોનો અંદાજ, વિદ્યમાન ખાલી જગાઓની ખરેખરી સંખ્યા અથવા કોઈ ચોક્કસ તારીખે ઊભી થવાનો સંભવ હોય તેવી જગાઓ પર આધારિત રહેશે નહિ. પરંતુ નિયામક કચેરીએ, રાજીનામા અને અન્ય કારણોસર ખાલી થનાર સંભવિત જગાઓ તથા અપેક્ષિત વિકાસ વગેરે.ને કારણે ઊભી થનાર નવી જગાઓના આધારે ભૂતકાળના અનુભવ પરથી, તેમની સંભવિત ભરતીનો અંદાજ તૈયાર કરવો જોઈશે. આમ, આ અંદાજ નિયમ ૪ના પેટા–નિયમ (૨)માં દર્શાવ્યા પ્રમાણેના ચોક્કસ સમયગાળા દરમિયાન ખાલી થનાર જગાઓની ચોક્કસ ઉપલબ્ધ સંખ્યાનો અંદાજ જ ગણાશે નહિ, પણ તે સમયગાળા દરમિયાન મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩ની અપેક્ષિત જરૂરિયાતોનો સંપૂર્ણ આંકડાકીય (સંખ્યાત્મક) અંદાજ ગણાશે. આ અંદાજ (માંગી સંખ્યા), એક વર્ષની ખરેખરી જરૂરિયાત કરતાં વધુ ન હોય તેની અત્યંત કાળજી લેવી જોઈએ.

**પ. પરીક્ષા યોજવા બાબત.–**

(ક) મંડળ, સરકાર તરફથી માંગણી–પત્રક મળ્યેથી, ગુજરાત રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતાં જાણીતા વર્તમાનપત્રમાં, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩ની જગા ઉપર નિમણૂક માટે પાત્ર ઉમેદવારો પાસેથી ઠરાવેલ નમૂના (ફોર્મ)માં અરજીઓ મંગાવતી જાહેરાત પ્રસિદ્ધ કરશે.

(ખ) અરજી મંગાવવાની અને અરજીઓની ચકાસણી કરવાની કાર્યરીતિ, મંડળ દ્વારા નક્કી કરાશે.

(ગ) મંડળ, ઉમેદવારોની પસંદગી માટે પરીક્ષા યોજશે.

(ઘ) પરીક્ષા યોજવા માટેની તારીખ, સમય અને સ્થળ, મંડળ દ્વારા નક્કી કરાશે.

(ચ) ઉમેદવારે, પરીક્ષાના તમામ તબક્કે સ્વખર્ચે હાજર રહેવું પડશે.

**૬. પરીક્ષામાં બેસવા માટેની અરજી.–**

(ક) પરીક્ષામાં બેસવા ઇચ્છતા ઉમેદવારે, સરકાર નક્કી કરે તેટલી ફી સાથે, મંડળ ઠરાવે તેવા નમૂનામાં, તેટલી સમયમર્યાદાની અંદર પોતાની અરજી રજૂ કરવી જોઈશે.

(ખ) મંડળ નક્કી કરે તેવી રીતે ફી ભરવી જોઈશે. એકવાર ભરેલી ફી રિફંડ કરવામાં આવશે નહિ અથવા આગામી પરીક્ષા માટે રાખી (આગળ લઈ જઈ) શકાશે નહિ.

(ગ) અરજી પાછી ખેંચવા અને ફી રિફંડ કરવા માટેની ઉમેદવારની વિનંતી, કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

(ક) ઉમેદવાર જરૂરી લાયકાતો ધરાવે છે અને તે, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૩ની જગાના ભરતી નિયમો હેઠળ અન્ય જરૂરિયાતો પરિપૂર્ણ કરે છે;

(ખ) તેણે અરજી સાથે જરૂરી ફી ભરેલી છે;

(ગ) ઉમેદવાર તમામ બાબતોમાં પાત્રતા ધરાવે છે અને તમામ જરૂરિયાતનું પાલન કરે છે.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટેની ઉમેદવારની પાત્રતા અંગેનો મંડળનો નિર્ણય આખરી ગણાશે.

(૩) ઉમેદવાર, પાછળથી કોઇપણ સમયે પરીક્ષામાં બેસવા માટે ગેરલાયક જણાય, તો તેની ઉમેદવારી રદ થયેલી ગણાશે અને તે, અગાઉ પસંદ થઇને નિમણૂક પામેલો હોય, તો તેની નિમણૂક શરૂઆતથી જ રદ થયેલી ગણાશે અને તેની સેવા તરત જ સમાપ્ત કરવી જોઇશે:

પરંતુ આવા ઉમેદવારની સેવા સમાપ્ત કરતાં પહેલાં, તેને સુનાવણીની તક આપવી જોઇશે.

**૮. પરીક્ષાનું સંચાલન અને નિયમન.–**

મંડળ, પોતે (મંડળે) સ્વીકારેલ કાર્યરીતિ અનુસાર અને તે અર્થે કરેલા સરકારના હુકમ સાથે સુસંગત રહીને, પરીક્ષકો, સુપરવાઇઝરોની નિમણૂક, તેમને ચૂકવવાપાત્ર વેતન અને પરીક્ષાના સંચાલનને લગતી તમામ બાબતોનું નિયમન કરશે.

**૯. પરીક્ષા પદ્ધતિ.–**

(ક) પરીક્ષામાં, પરિશિષ્ટ–ક માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની ઓપ્ટિકલ માર્ક્સ રીડર (ઓ.એમ.આર.) કસોટી રહેશે.

(ખ) મંડળ, ઉમેદવારો પાસેથી અરજી મેળવ્યા પછી, આ નિયમો અનુસાર અરજીની ખરાઇ કરશે અને પરીક્ષા માટે પાત્ર ઉમેદવારોને બોલાવશે.

**૧૦. પરીક્ષાનો અભ્યાસક્રમ.–**

પરીક્ષાનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ–ક માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

**૧૧. પાત્રતા (લાયકી) ધોરણ અને ગુણ.–**

મંડળ, વખતોવખત, પરીક્ષા માટેનું પાત્રતા (લાયકી) ધોરણ, અનામત અને બિન–અનામત કક્ષાઓના ઉમેદાવારો માટે અલગથી જરૂરી હોય તો તે નક્કી કરશે. તેમછતાં, મંડળે નક્કી કરેલું ન્યૂનતમ પાત્રતા (લાયકી) ધોરણ, કોઇપણ કિસ્સામાં, ઓછામાં ઓછા ૪૦% ગુણનું રહેશે.

**૧૨. પરીક્ષાનું માધ્યમ.–**

અંગ્રેજી ભાષાના (પ્રશ્નોના) ભાગ સિવાય, પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. ઉમેદવારે, પ્રશ્નોના જવાબ ઓપ્ટિકલ માર્ક્સ રીડર (ઓએમઆર) શીટ પર આપવાના રહેશે.

**૧૩. પરીક્ષા ફી.–**

(૧) દરેક ઉમેદવારે, આ નિયમના પેટા–નિયમ (૨) હેઠળ મુક્તિ આપવામાં આવેલ હોય તે સિવાય, આ નિયમો હેઠળ પોતે કરેલી અરજીના સંબંધમાં, મંડળ ઠરાવે તેવી રીતે, સરકારે નક્કી કર્યા પ્રમાણેની પરીક્ષા ફી, મંડળને ચૂકવવી જાઇશે અને આવી અરજીની સાથે આવી રીતે ચૂકવેલી ફીનો પુરાવો દર્શાવતો દસ્તાવેજ જોડવો જોઇશે.

અથવા અશક્ત વ્યક્તિઓ હોય તેવા ઉમેદવારને, ઉપરના પેટા-નિયમ (૧) હેઠળ ઠરાવેલી ફી ચૂકવવામાંથી મુક્તિ આપવામાં આવશે.

**૧૪. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (મનાઈ).-**

ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર, ટેબલેટ, આઈ-પેડ અથવા સંદેશા-વ્યવહારના બીજા કોઈ પણ ઈલેક્ટ્રોનિક સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

**૧૫. શિસ્તવિષયક કાર્યવાહી.-**

કોઈ પણ ઉમેદવાર,-

(ક) પોતાની ઉમેદવારી માટે કોઈપણ રીતે ટેકો મેળવવા માટે;

(ખ) બીજાનું નામ ધારણ કરવા માટે;

(ગ) બીજી કોઈ વ્યક્તિ પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે;

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા માટે;

(ચ) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદન કરવા માટે;

(છ) પરીક્ષા માટે પોતાની ઉમેદવારીના સંબંધમાં બીજા કોઈ નિયમ વિરુદ્ધના અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે;

(જ) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે;

(ઝ) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે;

(ટ) પરીક્ષા ખંડમાં બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે;

(ઠ) પરીક્ષાના સંચાલન માટે મંડળે કામે રાખેલ કર્મચારીવર્ગ (સ્ટાફ)ને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુકસાન કરવા માટે;

(ડ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગારી કરવા માટે;

(ઢ) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેને પરવાનગી આપતા, પરીક્ષા લેવા માટે તેના પ્રવેશ પ્રમાણપત્રમાં ઠરાવવામાં આવેલી અને નિર્દિષ્ટ કરવામાં આવેલી શરતો પૈકીની કોઈપણ શરતોનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યો હોય અથવા મંડળે તેને દોષિત જાહેર કરેલ હોય, તે, તેની સામે ફોજદારી કાર્યવાહી કરવાને પાત્ર થશે, તે ઉપરાંત

(૧) તે, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી મંડળ દ્વારા તેને ગેરલાયક ઠરાવવાને; અથવા

(૨) (ક) મંડળ દ્વારા, કોઈપણ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અથવા સંબંધિત જગા પરની તેની ઉમેદવારી માટે; અથવા

(ખ) રાજ્ય સરકાર દ્વારા તેના પોતાના હેઠળના કોઈપણ રોજગારમાંથી તે, કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત રહેવાને પાત્ર થશે:

લીધા સિવાય, પેટા-ખંડ (૧) અથવા (૨) હેઠળની કોઈ શિક્ષા કરી શકાશે નહિ; અથવા

(૩) તે સરકારી સેવામાં હોય, તો સંબંધિત નિયમો હેઠળ શિસ્તવિષયક કાર્યવાહીને પાત્ર થશે.

**૧૬. પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવા બાબત.-**

(૧) તમામ ઉમેદવારોનું પરિણામ, મંડળ દ્વારા, પરીક્ષામાં અંતે દરેક ઉમેદવારે મેળવેલા (કુલ) ગુણના આધારે ગુણવત્તાક્રમમાં તૈયાર કરવામાં (ગોઠવવામાં) આવશે, જેમાં ઉમેદવારોના નામ, બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા ગુણ નિર્દિષ્ટ કરવામાં આવશે અને તે પરિણામ, નોટિસ બોર્ડ અને/ અથવા વેબસાઈટ પર પ્રસિદ્ધ કરાવવામાં આવશે તથા આવી રીતે પ્રસિદ્ધ થયેલા પરિણામની નકલ, સરકારને મોકલવામાં આવશે.

(૨) મંડળે, આ નિયમ અનુસાર, પસંદગી યાદી, માંગણીપત્રક મુજબની ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં, પરીક્ષાના અંતે દરેક ઉમેદવારે મેળવેલા એકંદર (કુલ) ગુણના આધારે ગુણવત્તા ક્રમમાં તૈયાર કરાવડાવવી જોઈશે.

(૩) મંડળે, અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા મહિલાઓ અને ભૂતપૂર્વ સૈનિકોના સફળ ઉમેદવારોની યાદી પણ આવા વર્ગ માટે અનામત રાખેલી ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં તૈયાર કરવી જોઈશે.

(૪) મંડળે, સફળ ઉમેદવારોના વર્ગ પ્રમાણે, તેમના નામ, બેઠક ક્રમાંક અને કુલ ગુણ દર્શાવતી પ્રતીક્ષા યાદી પણ તૈયાર કરવી જોઈશે અને આ પ્રતીક્ષા યાદીમાં વિભાગ દ્વારા માગણી થયેલી માંગણીપત્રક મુજબની ઉમેદવારોની કુલ સંખ્યાની આશરે ૨૦ % જેટલી સંખ્યા રહેશે.

(૫) આ નિયમના પેટા-નિયમ (૪)માં ઉલેખ કરવામાં આવેલ પ્રતીક્ષા યાદી, પરિણામ પ્રસિદ્ધ થયાની તારીખથી બે વર્ષના સમયગાળા માટે અથવા આગામી પરીક્ષાના પરિણામની પ્રસિદ્ધિની તારીખ સુધીમાં, બેમાંથી જે પહેલા હોય ત્યાં સુધી, અમલમાં રહેશે.

**૧૭. પરીક્ષાનું પરિણામ.-**

મંડળે, પરીક્ષાનું પરિણામ નીચે મુજબના બે ભાગોમાં જાહેર કરવું જોઈશે:-

**ભાગ ૧** (ક) મંડળે, પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારોની યાદી જાહેર કરવી જોઈશે.

(ખ) મંડળે, પરિણામ રાજપત્રમાં પ્રસિદ્ધ કરાવવું જોઈશે અને આ રીતે રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ સરકારને મોકલવી જોઈશે.

(ગ) મંડળે, સફળ ઉમેદવારોને, પરિણામની જાણ મંડળ નક્કી કરે તેવી રીતે વ્યક્તિગતપણે કરવી જોઈશે. મંડળે, પરિણામની જાણ કર્યા પછી, સફળ ઉમેદવારો સાથે તે પછીનો કોઈપણ પત્રવ્યવહાર કરવો જોઈશે નહિ.

**ભાગ ૨** મંડળે, નિયમ ૧૬ના પેટા-નિયમ (૪) અનુસાર પ્રતીક્ષા યાદી તૈયાર કરવી જોઈશે. સફળ ઉમેદવારોની પ્રતીક્ષા યાદી, ગુણવત્તા ક્રમમાં તૈયાર કરવામાં (ગોઠવવામાં) આવશે, જેમાં ઉમેદવારોના નામ, બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરવામાં આવશે તથા તે પરિણામ, નોટિસ બોર્ડ અને/અથવા વેબસાઈટ પર અને રાજપત્રમાં બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવશે.

જોઈશે તથા તેને મંડળના નોટિસ બોર્ડ અને/અથવા વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવી જોઈશે.

**૧૮. ગુણની ફેરચકાસણી.–**

લેખિત કસોટીના પોતાના ગુણની ફેરચકાસણી કરાવવા ઇચ્છતો ઉમેદવાર, મંડળ નક્કી કરે તેટલી ફી સાથે, પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી ૧૫ દિવસની મુદતની અંદર, મંડળને અરજી કરી શકશે.

**૧૯. ભલામણ અને ફાળવણી.–**

મંડળે, મંડળને મોકલવામાં આવેલ તેમની માંગણીપત્રમાં જણાવેલી તેમની જરૂરિયાતો અનુસાર, વિભાગમાં નિમણૂકને પાત્ર હોય તેવા ઉમેદવારોની ભલામણ કરવી જોઈશે. વિભાગે, ત્યાર પછી, નિયામકની કચેરીમાં ઉમેદવારોની ફાળવણી કરવી જોઈશે. ત્યારબાદ નિયામકની કચેરીએ, આ રીતે ફાળવેલા ઉમેદવારોની નિમણૂકોના હુકમો કરવા જોઈશે અને આવા હુકમો સંબંધિત ઉમેદવારોને, રજિસ્ટર્ડ રસીદી ટપાલ (R.P.A.D) દ્વારા મોકલવા જોઈશે.

**૨૦. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.–**

પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ ઉમેદવારને નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને નિમણૂક કરનાર સત્તાધિકારીને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી એવી ખાતરી થાય કે ઉમેદવાર જગા પરની અને જાહેર સેવા માટેની નિમણૂક માટે બધી રીતે યોગ્ય છે, ત્યાં સુધી કોઈ ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.

**૨૧. તબીબી તપાસ.–**

નિમણૂક માટે લાયક ઠરેલ હોય તેવા ઉમેદવારે, ગુજરાત મુલકી સેવાઓ (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨–ની જોગવાઈઓ અનુસાર તબીબી તપાસ કરાવવાની રહેશે.

**૨૨. નિમણૂક.–** પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક, મંડળે તૈયાર કરેલ ગુણવત્તા યાદીમાંના તેમના ક્રમ મુજબ ચુસ્ત રીતે કરવાની રહેશે.

**૨૩. જગા પર હાજર થવા બાબત.–**

મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ–૩ની જગા પર નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારે, નિમણૂકનો હુકમ મળ્યાની તારીખથી ૩૦ દિવસોની અંદર તેમના નિમણૂકના સ્થળ પર હાજર થવાનું રહેશે. ઉમેદવાર, ૩૦ દિવસોની અંદર તેમના નિમણૂકના સ્થળ પર હાજર થવામાં ચૂક કરે, તો તેની નિમણૂકનો હુકમ રદ થશે. આમ છતાં, એવું સાબિત કરવામાં આવે કે ઉમેદવાર તેના કાબૂ બહારના કારણોને લીધે ૩૦ દિવસોમાં નિમણૂકના સ્થળે હાજર થઈ શક્યો ન હતો, તો, સક્ષમ અધિકારી, કારણોની લેખિતમાં નોંધ કરીને, ૩૦ દિવસો પૂરા થઈ ગયા પછી પણ આવા ઉમેદવારોને નિમણૂકના સ્થળ પર હાજર થવાની છૂટ આપી શકશે. તેમ છતાં, આવા ઉમેદવારની પ્રવરતા, તેની જગા પર હાજર થવાની વાસ્તવિક તારીખના સંદર્ભ સાથે આ અર્થે સરકારે નિયત કરેલા તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળ ઠરાવેલી જોગવાઈઓ અનુસાર નિર્ધારિત કરવી જોઈશે.

**૨૪. પૂર્વ–સેવા તાલીમ.–**

(૧) મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની જગા માટે પસંદ કરવામાં આવેલ ઉમેદવારોએ, તેમની નિયમિત નિમણૂક થાય તે પહેલાં, પૂર્વ–સેવા તાલીમ લેવાની રહેશે અને સરકાર ઠરાવે તેવા તાલીમ અને પરીક્ષા નિયમો અનુસાર નિર્દિષ્ટ કરેલ મુદત અને તકોમાં તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

ઉમેદવારો માટે, પૂર્વ-સેવા તાલીમ આપવાની અને પરીક્ષા લેવાની ગોઠવણ કરશે. જેમાં ઉમેદવારોની નિમણૂક કરવામાં આવી હોય તેવી સંબંધિત કચેરીઓએ, આવા ઉમેદવારોને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા હેઠળના તાલીમ કેન્દ્રોમાં તાલીમ માટે મોકલવાના રહેશે.

૨૫. **ખાતાકીય પરીક્ષા.–** મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ–૩ની જગા માટે પસંદ કરવામાં આવેલા ઉમેદવારે, તેની નિમણૂક પછી, ખાતાકીય પરીક્ષા, હોય તો, તે સરકાર દ્વારા વખતો વખત ઠરાવવામાં આવે તેવા ખાતાકીય પરીક્ષા નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદતમાં અને તકોમાં પાસ કરવાની રહેશે.

૨૬. **નિયંત્રક સત્તાધિકારી.–** નિયામક, આ નિયમોના અમલ માટે નિયંત્રક અને સંકલન સત્તાધિકારી રહેશે.

૨૭. **સંદિગ્ધતાના કિસ્સામાં અર્થઘટન.–**

આ નિયમોના અર્થઘટન બાબતમાં કોઈ પણ પ્રશ્ન ઊભો થાય તો, તે પ્રશ્ન નિર્ણય અર્થે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સચિવશ્રીને મોકલવો જોઇશે અને તે બાબતમાં તેમનો નિર્ણય આખરી રહેશે.

**પરિશિષ્ટ –"ક"**

**(જુઓ નિયમ ૧૦)**

**પરીક્ષા માટેનો અભ્યાસક્રમ** **3 કલાક**

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતનો ઇતિહાસ અને સંસ્કૃતિ | ૨૫ ગુણ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ | ૨૦ ગુણ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૦ ગુણ |
| ૪ | ભારત અને ગુજરાતની પ્રવર્તમાન બાબતો અને સામાન્ય જ્ઞાન. | ૩૫ ગુણ |
| ૫ | ભારતનું સંવિધાન (બંધારણ) અને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, અશકત વ્યક્તિઓ વગેરે માટે ચોક્કસ સંદર્ભો સાથે ભારતીય સમાજના નબળા વર્ગો માટે સંબંધિત જોગવાઈઓ. | ૩૫ ગુણ |
| ૬ | અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, અશકત વ્યક્તિઓ વગેરે માટે ચોક્કસ સંદર્ભો સાથે રાજ્ય અને કેન્દ્ર સરકારની મહત્વની કલ્યાણ યોજનાઓ. | ૨૫ ગુણ |
| ૭ | કોમ્પ્યુટરની પાયાની જાણકારી. | ૨૦ ગુણ |
| ૮ | જથ્થાત્મક અભિરુચિ (કવોન્ટીટેટીવ એપ્ટીટયુડ) અને તર્કશકિત કસોટી | ૨૦ ગુણ |
| | **કુલ** | **૨૦૦ ગુણ** |

**નોંધ:**

૧– પરીક્ષા ઓ.એમ.આર. (ઓપ્ટિકલ માર્ક રીડર) પદ્ધતિમાં રહેશે. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૨– ઉમેદવારે, તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૩– દરેક પ્રશ્નમાં, ''પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ)''નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૪– ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઇ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો પછી, તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

## પરિશિષ્ટ-ખ
### (જુઓ નિયમ ૪ (૧))

વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરીમાં, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩ની ………………થી…………………સુધી આગામી ભરતી વર્ષમાં ભરવાની થ
જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

| અનુ ક્રમાંક | જગાનું નામ અને પગાર ધોરણ | અપેક્ષિત ખાલી જગાઓ | | | અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૩+૪+૫) | ખાલી જગાઓ (કોલમ ૬)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન. | | | | ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૬)માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે રાખવાની ખાલી જગાઓની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખરેખર ખાલી જગાઓ | ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શક્યતા હોય એવી નવી જગાઓ | નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓ | | સામાન્ય | અનુસૂચિત જાતિ (એસ.સી.) | અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.) | સ્ત્રીઓ | | | | શારીરિક ખોડ-ખાંપણવાળા / અપંગ વ્યક્તિઓ |
| | | | | | | | | | | સામાન્ય | અનુસૂચિત જાતિ (એસ.સી.) | અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | | | | | | | | | | | | | | |

### પરિશિષ્ટ–ગ
### (જુઓ નિયમ ૪ (૨))

વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરીમાં, આગામી ભરતી વર્ષમાં, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ–૩ની ભરવાની થતી ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

| અનુ ક્રમાંક | જગાનું નામ અને પગાર ધોરણ | અપેક્ષિત ખાલી જગાઓ | | | અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૩+૪+૫) | ખાલી જગાઓ (કોલમ ૬)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન. | | | | ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૬)માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે રાખવાની ખાલી જગાઓની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખરેખર ખાલી જગાઓ | ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શક્યતા હોય એવી નવી જગાઓ | નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓ | | સામાન્ય | અનુસૂચિત જાતિ (એસ.સી.) | અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઈ.બી.સી.) | સ્ત્રીઓ | | | | શારીરિક ખોડ–ખાંપણવાળા/ અપંગ વ્યક્તિઓ |
| | | | | | | | | | | સામાન્ય | અનુસૂચિત જાતિ (એસ.સી.) | અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઈ.બી.સી.) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | | | | | | | | | | | | | | |

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**ભાવિન પટેલ,**
સરકારના ઉપ સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.